આરબીઆઇ / 2006-2007 / 241
આરપીસીડી.સીઓ.આર.એફ.બીસી નં. 43 / 07.38.03/2006/2007

જાન્યઆરી 31, 2007

બધી સ્ટેટ કો.ઓપરેટીવ બેંકો
ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંકો

માનનીય સાહેબશ્રી,

<u>કલીન નોટ પોલીસી - નોટ પેકેટોનું સ્ટેપલીંગ</u>

એ નિરીક્ષવામાં આવ્યું છે કે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ઇશ્યુ થયેલ સૂચનાઓ છતાં, બેંકો નોટ પેકેટસના સ્ટેપલીંગ નું વિધિ ચાલુ રાખે છે. આ પ્રેકટીસ નોટોને ડેમજ કરવા સિવાય, નોટોના આયુષ્ટને ઘટાડે છે અને ગ્રાહકો માટે સરળતાથી નોટ પેકેટો ખોલવાનું મૂશ્કેલ બનાવે છ.

2. એ પણ નોંધાયું છે કે બેંકો નોટોને રી-ઇશ્યુએબલ અને નોન-ઇશ્યુએબલમા વર્ગીકૃત કરતી નથી સોઇલ થયેલ નોટો જનતાને ઇશ્યુ કરે છે. બેંકોએ નોટોની વોટરમાર્ક વિન્ડોઝ પર લૂઝ પેકેટસમાં નોટ પીસીઝના નંબર લખવાની ક્રિયા ચાલુ રાખી છે જેના લીધે વોટરમાર્ક છાપ બગડે છે અને નોટની સરળ ઓળખ અઘરી બને છે.

3. આથી નક્કી કરાયું છે કે હવેથી તરત અસરકાર બને તેમ

એ. બેંકોએ નોટ પેકેટના સ્ટેપલીંગને બંધ કરવું અને તેમને પેપરબેંડથી સલામત બનાવવી

બી. બેંકોએ નોટોને રી-ઇશ્યુએબલ અને નોન ઇશ્યુએબલમાં વર્ગીકૃત કરવી અને માત્ર કલીન નોટો જનતાને આપવી. સોઇલ્ડ નોટો કરન્સી ચેસ્ટ દ્વારા રીઝર્વ બેંકને ઇનવર્ડ રેમીટન્સમાં અન સ્ટેપલ્ડ પરિસ્થિતિમાં આપવી અને.

સી. બેંકોએ હવેથી બેંકનોટોની વોટરમાર્ક વિન્ડોઝ પર કોઇપણ લખાણ બંધ કરવું.

4. આ પ્રમાણે અમારો ડીરેકટીવ આરપીસીડીસીઓ. આરએફ. ડીઆઇઆર. નં. 44/07.38.03/2006-07 જાન્યુઆરી 31, 2007 એન્કલોઝ થાય છે.

5. મહેરબાની કરીને લાગતી વળગતી રીજયોનલ ઓફિસને રીસીટની જાણ કરવી.

તમારો વિશ્વાસુ,
(સી.એસ.મૂર્તિ)
ચીફ જનરલ મેનેજર - ઇન-ચાર્જ

આરપીસીડીસીઓ. આરએફ. ડીઆઈઆર. નં. 44/07.38.03/2006-07

જાન્યુઆરી 31, 2007

કલીન નોટ પોલીસી - બેંક નોટોનું સ્ટેપલીંગ

બેંકીંગ રેગ્યુલેશન એકટ 1949ના સેકશન 56 સાથે વંચાતા સેકશન 35એ હેઠળ અપાતી સત્તાઓના ઉપયોગમાં, રીઝર્વ બેંક એવા સંતોષ સાથે કે જનહિતમાં એવું કરવું જરૂરી અને અનિવાર્ય છે. અહીં સૂચિત કરે છે કે હવે પછી અને તાત્કાલિક અમલ સાથે.

1. બેંકો / રી-ઈશ્યુએબલ / નોન - ઈશ્યુએબલ નોટપેકેટસને સ્ટેપલ કરવાનું બંધ કરશે અને તેના બદલે તેમને પેપર બેંડથી સલામત કરશે.

2. બેંકો નોટોને ઈશ્યુએબલ અને નોન-ઈશ્યુએબલ એ મુજબ વર્ગીકૃત કરશે અને માત્ર ચોખ્ખી નોટો જનતાને આપશે. બેંકો અનસ્ટપલ્ડ સોઈલ્ડ નોટો રીઝર્વ બેંકને ઈનવર્ડ રેમીટન્સમાં કરન્સી ચેસ્ટ દ્વારા આપશે.

3. બેંકો હવે પછી બેંક નોટોની વોટરમાર્ક વિન્ડોઝ પર કોઈપણ પ્રકારનું લખાણ બંધ કરશે.

(વી.એસ.દાસ)
એકઝીકયુટીવ ડીરેકટર